Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :46• Date : 06-03-2025 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

## ગુજરાત વિધાનસભા ગૃહમાં વિશ્વ મેદસ્વિતા દિવસે "સ્વસ્થ ગુજરાત મેદસ્વિતામુક્ત ગુજરાત"ની નેમ વ્યક્ત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર

ગુજરાત વિધાનસભા ગૃહના નેતા અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તા.૪ માર્ચ - વિશ્વ મેદસ્વિતા દિવસે વિધાનસભા ગૃહમાં નિયમ-૪૪ અંતર્ગત એક નિવેદન દ્વારા "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત"ની નેમ વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આધુનિક જીવનશૈલી અને ખાનપાનની આદતોના કારણે બેઠાડું જીવન જીવનારા લોકો વધી રહ્યા છે. આવા બેઠાડુ જીવનના લીધે શરીર ભારે થવાના કારણે સ્થૂળતા એટલે કે મેદસ્વિતા વધી રહી છે. જો આ બાબતની કાળજી રાખવામાં ન આવે તો આવા લોકો અનેક રોગોમાં સપડાય છે એમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગ સાધનાને તથા ફિટ ઈન્ડિયા માટે ખેલકૂદ અને પરિશ્રમ તથા વ્યાયામને મહત્વ આપ્યું છે. તેઓ દેશવાસીઓને આ માટે અનેક મંચ પરથી પ્રેરણા પણ આપતા રહ્યા છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ તેમના લોકપ્રિય રેડિયો વાર્તાલાપ 'મન કી બાત'ના તાજેતરના એપિસોડમાં આ મેદસ્વિતા સામે પ્રજાને જાગૃત કરવાની અપીલ કરી છે. એટલું જ નહિ, તેમણે સ્થૂળતા ઘટાડવા માટેની રાષ્ટ્રવ્યાપી જાગૃતિ અને સામુહિક કાર્યવાહી પર પણ પોતાના સંબોધનમાં ભાર મૂક્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાનના જનહિતકારી કાર્યક્રમો અને પ્રજાલક્ષી આહવાનોને ગુજરાતે હંમેશા ત્વરિત અને ઉત્સાહપ્રેરક પ્રતિસાદ આપ્યો છે. તેમણે વધતી જતી મેદસ્વિતા અંગે જે ચિંતા વ્યક્ત કરી છે તે વિષયને પણ ગુજરાત સરકારે ખૂબ જ ગંભીરતાથી લીધો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ મેદસ્વિતા દિવસે વિધાનસભા ગૃહમાં કરેલા નિવેદનમાં કહ્યું કે, રાજ્ય સરકાર સમગ્ર વર્ષ દરમિયાન અનેક કાર્યક્રમોના આયોજનથી નાગરિકોની મેદસ્વિતા કેવી રીતે ઓછી કરી શકાય એ માટે અભિયાન ચલાવશે. ““તેમણે કહ્યું કે, જો નાગરિકો પોતાના સ્વાસ્થ્ય વિશે ધ્યાન નહીં રાખે તો આરોગ્યના ગંભીર પ્રશ્નો સર્જાય તેવી શક્યતાઓ છે. "પહેલું સુખ તે જાતે નર્યા" એ કહેવતને પ્રોત્સાહન આપીને રાજ્ય સરકાર નાગરિકોને એમના સ્વાસ્થ્યની જાગૃતિ માટે તથા મેદસ્વીતાના નિયંત્રણ માટે પ્રેરિત કરશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સર્વાંગી વિકાસના વડાપ્રધાનશ્રીના ધ્યેયને હાંસલ કરવા અને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત માટે સ્વસ્થ ગુજરાતનો સંકલ્પ સાકાર કરવાની સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ વિધાનસભા ગૃહના નેતા તરીકે વિધાનસભા ગૃહના સૌ ચૂંટાયેલા પ્રજાકીય પ્રતિનિધિઓને "મેદસ્વિતામુક્ત ગુજરાત" અને સૌ નાગરિકોના જીવનને સ્વસ્થ-તંદુરસ્ત બનાવવાના જનસેવા અભિયાનમાં સક્રિય સહયોગ આપવા અનુરોધ પણ કર્યો હતો.

**સ્થૂળતા એટલે શું તે સમજીએ**

★ અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના જણાવ્યા અનુસાર મેદસ્વિપણાને અસામાન્ય કે વધુ પડતી ચરબીના સંચય તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે.

★ કોઈપણ વ્યક્તિની સ્થૂળતા વર્ગીકૃત કરવા માટે BMI એટલે કે, બોડી માસ ઈન્ડેક્સનો આધાર લેવામાં આવે છે. ૨૫ કે તેથી વધુના બી.એમ.આઈ.ને વધુ વજનવાળા અને ૩૦ કે તેથી વધુના બી.એમ.આઈ.ને મેદસ્વિતા તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

★ આ બી.એમ.આઈ શોધવા માટે વ્યક્તિનું વજન (કિલોગ્રામ)ને તે વ્યક્તિની ઊંચાઈ (મીટર)ના વર્ગ વડે વિભાજિત કરવાનું હોય છે.

**ભારત અને ગુજરાતમાં મેદસ્વિતાપણુ**

★ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે NFH-5 (૨૦૧૯-૨૦૨૧) મુજબ ભારતમાં એકંદરે ૨૪% સ્ત્રીઓ અને ૨૩% પુરુષો વધુ વજન ધરાવતા અથવા મેદસ્વી છે. ગુજરાતના આરોગ્ય વિભાગના આંકડાઓ અનુસાર રાજ્યમાં આ પ્રમાણ સ્ત્રીઓમાં ૨૨.૬ ટકા અને પુરુષોમાં ૧૯.૯ ટકાનું જોવા મળ્યું છે.

**સ્થૂળતા માટે મુખ્યતઃ જવાબદાર પરિબળો**

★ સ્થૂળતા એટલે કે મેદસ્વિતા માટે જંક ફૂડ, તળેલા ખોરાક, વધુ મીઠાશ અને ફાસ્ટ ફૂડનું વધતુ સેવન એવી અસંતુલિત આહાર આદતો, વ્યાયામ, કસરતનો અભાવ, થાઈરોઈડ અને ડાયાબિટીસ જેવી હોર્મોનલ સમસ્યાઓ, કુટુંબીજનોમાં સ્થૂળતા હોય તો તેની પેઢી દર પેઢી સુધી અસર તથા અનિયમિત અને અપૂરતી ઊંઘ તેમજ માનસિક તણાવ જેવા પરિબળો જવાબદાર છે.

**અસરો**

★ આના પરિણામે હૃદયરોગ, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, થાક, શ્વાસ લેવામાં તકલીફ, સાંધાના દુઃખાવા તેમજ ડિપ્રેશન જેવી બાબતોને કારણે આરોગ્ય સેવાઓ માટે વધુ પડતો ખર્ચ કરવો પડે છે. "

**મેદસ્વિતા નિયંત્રણ અને નિવારણ ઉપાયો**

★ સ્થૂળતા-મેદસ્વિતાના નિયંત્રણ અને નિવારણ માટે તાજા શાકભાજી, ફળો, ફાઈબરયુક્ત અને ઓછી ચરબીવાળો ખોરાક લેવો જોઈએ. ઉપરાંત નિયમિત કસરત, યોગ, ચાલવુ-દોડવું વગેરે ફાયદાકારક રહે છે.

★ દરરોજ ઓછામાં ઓછી સાત-આઠ કલાક ઊંઘ લેવી પણ જરૂરી છે. તેમજ ધ્યાન, યોગ અને હળવી પ્રવૃત્તિઓ દ્વારા સ્ટ્રેસ પણ ઘટાડવો જોઈએ.

**કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં**

★ કેન્દ્ર અને રાજ્ય સરકાર મેદસ્વિતા સામે ઈટ રાઈટ મુવમેન્ટ અને ફીટ ઈન્ડિયા મુવમેન્ટ દ્વારા સંતુલિત આહાર તથા આરોગ્યપ્રદ જીવનશૈલી માટે વિવિધ માધ્યમો દ્વારા લોકજાગૃતિ અંગે પ્રચાર પ્રસાર કરે છે.

★ એન.સી.ડી. અંતર્ગત રાજ્યભરમાં ૩૦ વર્ષ કે તેથી વધુ વયનાં લોકો માટે સમુદાય આધારિત સ્ક્રીનીંગ અંતર્ગત કમરનો ઘેરાવો અને બોડી માસ ઈન્ડેક્ષની તપાસ કરવામાં આવે છે અને વધુ વજન તથા સ્થુળતા જણાય તેવા વ્યક્તિઓને જરૂરી સલાહ-સુચન અને સંદર્ભ સેવાઓ પુરી પાડવામાં આવે છે.

★ડાયાબિટીશ જેવી સ્થૂળતાની જટિલતાઓ માટે ચકાસણી કરવામાં આવે છે અને નિદાન પામેલ દર્દીઓને નિઃશુલ્ક સારવાર અને સંદર્ભ સેવાઓ પણ પુરી પાડવામાં આવે છે. મેદસ્વિતા-જાડાપણાને દૂર કરવાની ચળવળમાં રાજ્યના દરેક વ્યક્તિ, પ્રત્યેક પરિવાર અને સંસ્થાઓ પોતાનું યોગદાન આપીને જનભાગીદારીથી ગુજરાતને આરોગ્ય સુખાકારી માટે મોડેલ સ્ટેટ બનાવે તે જરૂરી છે. "

## કોંગ્રેસ અધિવેશનને લઈ ગુજરાતમાં તડામાર તૈયારી શરૂ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ

ગુજરાતમાં ૬૪ વર્ષ બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન થવા જઈ રહ્યું છે. આ પહેલાં છેક ૧૯૬૧માં ભાવનગરમાં કોંગ્રેસનું અધિવેશન યોજાયું હતું. તારીખ ૮-૯ એપ્રિલ ૨૦૨૫ના દિવસ AICC અધિવેશનનું સ્થળ નક્કી કરવા માટે સંગઠન મહાસચિવ કે.સી વેણુગોપાલ અમદાવાદ પહોંચ્યા હતાં. ત્યારબાદ મંગળવારે (૪ માર્ચ) બપોરે ત્રણ વાગ્યે ગુજરાત કોંગ્રેસ કાર્યાલય ખાતે બેઠક યોજી હતી. આ બેઠકમાં ગુજરાતમાં યોજાનારા ૬૪માં અધિવેનશને લઈને નેતાઓને વિવિધ જવાબદારી સોંપવા અંગે ચર્ચા-વિચારણા કરાઈ હતી.

કે.સી વેણુગોપાલે આ વિશે જણાવ્યું કે, હું રાષ્ટ્રીય અધિવેશનના સ્થળની પસંદગી માટે ગુજરાત આવ્યો છું. અમે ગુજરાતના ગાંધીજી-સરદારના વારસાને લઈને આગળ વધી રહ્યાં છીએ. હાલ, ગુજરાતમાં કોંગ્રેસ માટે અનેક પડકારો છે, જેનો અમે સ્વીકાર કરીએ છીએ. પડકારોને ઝીલીને કોંગ્રેસ ગુજરાત પર ફોકસ કરશે.

નોંધનીય છે કે, AICC અધિવેશનમાં દેશભરના AICC પ્રતિનિધિઓ એકત્રિત થશે. જેમાં બંધારણ તેમજ તેના મૂલ્યો પર થતાં સતત હુમલાઓ અને ભાજપની જનવિરોધી નીતિઓ અંગે ચર્ચા થશે તેમજ પાર્ટીની આગામી કામગીરી અંગે માર્ગદર્શન નક્કી કરવામાં આવશે. કોંગ્રેસ ૩૦ વષથી ગુજરાતમાં છેલ્લાં ૩૦ વષથી હારનો સામનો કરી રહી છે.

હાલમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પણ કોંગ્રસને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. હવે કોંગ્રેસ મિશન-૨૦૨૭ હેઠળ અત્યારથી તૈયારીમાં લાગી ગઈ છે. ૮ એપ્રિલે વિસ્તૃત કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેકઠક સાથે અધિવેશન શરૂ થશે. ત્યારબાદ ૯ એપ્રિલના દિવસે AICC પ્રતિનિધિઓની બેઠક યોજાશે. આ બંને બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે અધ્યક્ષતા કરશે તેમજ સંસદીય પક્ષની અધ્યક્ષ સોનિયા ગાંધીજી, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ શાસિત રાજ્યોના તમામ મુખ્યમંત્રીઓ, રાષ્ટ્રીય પદાધિકારીઓ, વરિષ્ઠ નેતાઓ અને અન્ય AICC પ્રતિનિધિઓ હાજર રહેશે.

આ AICC અધિવેશન બેલગાવીમાં યોજાયેલી વિસ્તૃત CWC બેઠક (નવા સત્યાગ્રહ બેઠક)માં અપાયેલ ઠરાવની ચાલુ પ્રક્રિયા તરીકે યોજાઈ રહ્યું છે, જે ૧૯૨૪માં મહાત્મા ગાંધી દ્વારા અધ્યક્ષપદ સંભાળવામાં આવેલા કોંગ્રેસ અધિવેશનની ૧૦૦મી વષર્ગાંઠની યાદમાં યોજાઈ હતી.

## તંત્રીની કલમે.................

# સ્વદેશી રક્ષા સામગ્રી

એર ચીફમાર્શલ અમર પ્રીત સિંહે વાયુ સેના માટે દર વર્ષે ૨૫-૪૦ યુદ્ધ વિમાનોની જરૂર વ્યક્ત કરતાં એ જણાવ્યું કે જૂના યુદ્ધ વિમાનોને બદલવા માટે એવું કરવું જરૂરી છે. તેમણે ઘરેલુ રક્ષા પકરણોના મહત્ત્વ પર પણ ભાર મૂક્યો. તેમણે એના પર પ્રસન્નતા વ્યક્ત કરી કે એચએએલે આગામી વર્ષે ૨૪ તેજસ યુદ્ધ વિમાન બનાવવાનો વાયદો કર્યો છે. થોડા સમય પહેલાં તેમણે એચએએલ પાસેથી આ વિમાન મળવામાં થતા વિલંબ પર નાખુશી વ્યક્ત કરી હતી. તેમણે જ્યારથી વાયુસેના પ્રમુખની જવાબદારી સંભાળી છે, ત્યારથી તેઓ ન માત્ર સ્વદેશી રક્ષા સામગ્રીને લઈને આક્રમક છે, બલ્કે વાયુસેનાની જરૂરિયાતોને લઈને પણ બોલતા રહે છે. તાજેતરમાં જ તેમણે કહ્યું કે વાયુસેના પાસે હાલમાં ૩૧ સ્ક્વોડ્રન છે, જ્યારે જરૂરિયાત ૪૨ સ્ક્વોડ્રનની છે. વાયુસેના પ્રમુખ બન્યા બાદ પણ તેમણે કહ્યું હતંગ કે ભાવિ સુરક્ષા પડકારો માટે સ્વદેશ હથિયાર પ્રણાલી હોવી બેહદ જરૂરી છે. તેમની આક્રમકતા એ જ દર્શાવે છે કે તેઓ રક્ષા જરૂરિયાતોને લઈને સજાગ પણ છે અને અધીર પણ.

એ ઠીક છે કે રક્ષા જરૂરિયાતો માટે જેવી આક્રમકતા વાયુસેના પ્રમુખ દેખાડી રહ્યા છે એવી જ અન્ય સેનાઓના પ્રમુખ જાહેરમાં પ્રદર્શનત નથી કરી રહ્યા, પરંત તેનો ઈનકાર ન કરી શકાય કે ભારતે યુદ્ધ વિમાનો અને અન્ય રક્ષા ઉપકરણો મામલે આત્મનિર્ભર બનવું પડશે. એ સાચું કે મોદી સરકારે આ દિશામાં ઠોસ પગલાં ભર્યાં છે અને હવે ભારત અનેક રક્ષા ઉપકરણો બનાવી પણ રહ્યું છે અને તેનું વેચાણ પણ કરી રહ્યું છે, જેને કારણે રક્ષા સામગ્રીની નિકાસ સતત વધી રહી છે, પરંતુ તથ્ય એ પણ છે કે આપણી સેનાઓ પોતાની સૈન્ય જરૂરિયાતો માટે હજુ પણ વિદેશી હથિયારો પર નિર્ભર છે. તેને કારણે ભારત હથિયારોનું એક મોટું આયાતક બનેલું છે. બીજા દેશો પાસેથી રક્ષા સામગ્રી ખરીદવાની પોતાની સમસ્યાઓએ છે. કેટલીય વાર જરૂરી રક્ષા સામગ્રી સમય પર નથી મળતી કે પછી બહુ મોંઘી હોય છે. એ પણ બધા જાણે છે કે બીજા દેશો પોતાની ઉન્નત રક્ષા સામગ્રી તો આપે છે, પરંતુ તેની ટેકનિક નથી આપતા. કેટલીય વાર આયાતી રક્ષા ઉપકરણોના સ્પેરપાર્ટ મળવામાં પણ વિલંબ થાય છે. હાલમાં અમેરિકાએ ભારતને એફ-૩૫ યુદ્ધ વિમાન આપવાની ઓફર કરી, પરંતુ એ કહેવું મુશ્કેલ છે કે શું તેની આપણને જરૂર છે? એ પણ ધ્યાન રહે કે તેજસ યુદ્ધ વિમાનોના નિર્માણમાં વિલંબનું એક કારણ એમ કહેવામાં આવ્યું હતું કે અમેરિકા પાસેથી તેનાં એન્જિન સમયસર ન મળી શક્યાં. જે પણ હોય, સમજની માંગ છે કે સૈન્ય હથિયારો અને ઉપકરણો મામલે આત્મનિર્ભર થવાના પ્રયાસોને વધુ ગતિ આપવામાં આવે અને તેનાથી સૈન્ય પ્રમુખોને વાકેફ પણ કરાવવામાં આવે, જેથી તેમની ચિંતાઓ દૂર થાય.

# STEM મોડેલ મેકિંગ અને ટીચિંગ એઇડ ડેવલપમેન્ટ સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવ્યો



અમદાવાદ

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) એ નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન (NCSTC), વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ , ભારત સરકાર અને ગુજરાત સરકારના સહયોગથી આજે ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ(NSD) ૨૦૨૫ની એક મહિના લાંબી ઉજવણી સફળતાપૂર્વક પૂર્ણ કરી.

આ વર્ષની વિજ્ઞાન દિવસની ઊજવણી ૧ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓમાં કરવામાં આવી હતી, જેમાં ૧,૦૩૫ શાળાઓ અને ૨૩૬ કોલેજો અને યુનિવર્સિટીઓનો સમાવેશ થતો હતો. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વિજ્ઞાન ઉત્સાહીઓ સહિત ૩,૪૯,૨૪૨ વ્યક્તિઓની ભાગીદારી સાથે, આ કાર્યક્રમમાં નોંધપાત્ર સંખ્યામાં લાભાર્થીઓ સામેલ થયા હતા જેમાં ૧,૨૫૪ વિશેષ રીતે દિવ્યાંગ વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે.

આ વર્ષે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની થીમ " વિકસિત ભારત માટે વિજ્ઞાન અને નવીનતામાં વૈશ્વિક નેતૃત્વ માટે ભારતીય યુવાનોનું સશક્તિકરણ" હતી, જેનો હેતુ રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે વિજ્ઞાન અને ટેકનોલોજીમાં નેતૃત્વની ભૂમિકાઓ નિભાવવા માટે યુવાનોને પ્રેરણા અને સજ્જ કરવા પર કેન્દ્રિત હતો.સાયન્સ સીટી ખાતે રાજ્ય કક્ષાનાં કાર્યક્રમનું ઉદ્ઘાટન શ્રી સુધીર કે. પટેલ, IAS, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર, ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી દ્વારા કરવામાં આવ્યુ હતું. ડૉ. નરોત્તમ સાહૂ , સલાહકાર અને સભ્ય સચિવ, GUJCOST; ડૉ. અરવિંદ સી. રાનડે , ડિરેક્ટર, નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન (NIF)-ઈન્ડિયા; શ્રીમતી જયા દેશમુખ , ડિરેક્ટર અને સીઈઓ, મુદ્રા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્યુનિકેશન્સ, અમદાવાદ (MICA) અને પ્રો. દેવિકા પી. મદાલી , ડિરેક્ટર, INFLIBNET સેન્ટર, ગાંધીનગર આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમ દરમિયાન, "વિજ્ઞાન અને નવીનતામાં વૈશ્વિક નેતૃત્વ માટે ભારતીય યુવાનોને સશક્તિકરણ" વિષય પર એક પેનલ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું જેથી સહભાગીઓને વિજ્ઞાન અને નવીનતામાં રાષ્ટ્રનું નેતૃત્વ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય.

આ ભવ્ય કાર્યક્રમમાં સરકારી પોલિટેકનિક, ડિપ્લોમા અને ITI સહિત વિવિધ STEM સંસ્થાઓના ૪૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના ભાગ રૂપે, MICRON દ્વારા સાયન્સ ડોમ ખાતે એક STEM વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ સાયન્સ સિટીની અદ્યતન ગેલરીઓનો ઈન્ટરેક્ટિવ વોક-થ્રુ યોજવામાં આવ્યો હતો. પાટણ , ભુજ , ભાવનગર, રાજકોટ ખાતેના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો (RSCs) અને ગુજરાતના તમામ કોમ્યુનિટી વિજ્ઞાન કેન્દ્રો (CSCs) અને દેશભરના અન્ય રાજ્ય વિજ્ઞાન અને ટેકનોલોજી પરિષદોમાં લાઈવ સ્ટ્રીમ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, GUJCOST એ ગુજરાતભરના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો અને સમુદાય વિજ્ઞાન કેન્દ્રો ખાતે અસંખ્ય આઉટરીચ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમોમાં ઈન્ટરેક્ટિવ વર્કશોપ, વિજ્ઞાન મેળા, વ્યવહારુ પ્રયોગો અને પ્રખ્યાત વૈજ્ઞાનિકો દ્વારા વાર્તાલાપનો સમાવેશ થતો હતો, જે વિદ્યાર્થીઓ અને સ્થાનિક સમુદાયોને ભારતના ભવિષ્યને આકાર આપવામાં વિજ્ઞાન અને નવીનતાના મહત્વને શોધવા અને સમજવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડતું હતું.

વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે બે મુખ્ય સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૬-૮ અને ધોરણ ૯-૧૨ માટે વર્ગીકૃત કરાયેલ STEM મોડેલ મેકિંગ સ્પર્ધાને STEM વિષયો પર ૩૯૧ નવીન કાર્યકારી મોડેલો સાથે જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. દરમિયાન, શિક્ષકની નવીનતા સ્પર્ધામાં નવલકથા શિક્ષણ સહાય અને પદ્ધતિઓ દર્શાવતી ૧૧૧ એન્ટ્રીઓ આકર્ષાઈ હતી. આ અગ્રણી STEM મોડેલો ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ અને પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો ખાતે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

NSD ના એક મહિના સુધી ચાલનારા ઉજવણીના ભાગ રૂપે, સરકારી શાળાઓના કુલ ૨૨,૫૭૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને GUJCOST ના એક્સપોઝિટરી વિઝિટ પ્રોગ્રામ હેઠળ ગુજરાત સાયન્સ સિટી અને ચાર RSC ની મફત મુલાકાત લેવાની અને વિજ્ઞાનના અજાયબીઓનું પ્રત્યક્ષ અન્વેષણ કરવાની તક મળી.

### વિપક્ષે સ્મોક ગ્રેનેડ ફેંક્યાં, મારામારીમાં બે સાંસદ ઘાયલ

# યુરોપિયન દેશ સર્બિયાની સંસદમાં વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો

એજન્સી દ્વારા

નોવિસબ્રિક્સ

યુરોપિયન દેશ સર્બિયાની સંસદમાં વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો હતો. વિપક્ષનો આ હોબાળાએ આક્રમક સ્વરૂપ ધારણ કર્યું હતું. વિપક્ષના સાંસદોએ સરકારની નીતિઓનો વિરોધ કરતાં એક પછી એક અનેક સ્મોક ગ્રેનેડ અને ટિઅર ગેસના સેલ ફેંક્યા હતાં. જેનાથી સંસદમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સાંસદોએ મારામારી પણ કરી હતી.

સર્બિયા સંસદના લાઈવ સેશનમાં જોવા મળ્યું હતું કે, સર્બિયાના વિપક્ષ સાંસદોએ સરકારની નીતિઓનો ભારે વિરોધ કર્યો હતો. આ વિરોધ આક્રમક બનતાં તેઓએ સંસદની અંદર જ સ્મોક ગ્રેનેડ અને ટીઅર ગેસના સેલ છોડ્યા હતાં. ત્યારબાદ આખા સંસદમાં કાળો અને ગુલાબી ધુમાડો ફેલાયો હતો. વિપક્ષના સાંસદોએ સરકારથી નારાજ વિદ્યાથીર્ઓનું સમર્થન કરતાં મારામારી પણ કરી હતી.વિપક્ષના સાંસદોએ ચાર મહિના પહેલા સર્બિયાના રેલવે સ્ટેશનની છત પડવાથી ૧૫ લોકોના મોત પર હોબાળો કર્યો હતો. તેઓ છેલ્લા ચાર મહિનાથી આ ઘટના મુદ્દે સરકારનો વિરોધ કરી રહ્યા છે. વિધાનસભાના સેશન દરમિયાન સર્બિયન પ્રોગ્રેસિવ પાટીર્ના નેતૃત્વ હેઠળની ગઠબંધન સરકારે સેશનમાં યુનિવર્સિટીના ફંડિંગ માટે એક એજન્ડાને મંજૂરી આપી હતી. જેમાં અમુક નિયમોનો વિપક્ષના સાંસદોએ વિરોધ નોંધાવ્યો હતો. તેઓ પોતાની બેઠક પરથી ઉભા થઈ સ્પીકર તરફ દોડ્યા હતાં. તે દરમિયાન સુરક્ષા ગાર્ડ્સ સાથે મારામારી અને ઝપાઝપી પણ કરી હતી. વિપક્ષના અમુક સાંસદોએ સ્મોક ગ્રેનેડ અને ટીઅર ગેસના ગોળા પણ ફેંક્યા હતાં. સ્પીકર એના બ્રનાબિકે જણાવ્યું કે, આ ઘટના દરમિયાન બે સાંસદ ઘાયલ થયા છે. જેમાં એક સત્તાધીશ પક્ષના જેસ્મિના ઓબ્રાડોવિક છે. તેમને સ્ટ્રોક આવ્યો હતો, અને તેમની સ્થિતિ ગંભીર છે.

સર્બિયન સંસદ દેશની યુનિવર્સિટી માટે ફંડ વધારતો કાયદો પસાર કરવાની હતી.

# બાળપણમાં મારા ભાઈઓ મારી ઈર્ષા કરતા હતાં : સોનાક્ષી

મુંબઈ

સોનાક્ષી સિંહાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેના મોટા ભાઈ કુશ અને લવ સિંહા વિશે એક ચોંકાવનારી વાત કહી છે. તેણે કહ્યું કે બાળપણમાં તેના બંને ભાઈઓ તેની ઈર્ષ્યા કરતા હતા.સોનાક્ષી સિંહા હંમેશા હેડલાઈન્સમાં રહે છે. તાજેતરમાં, અભિનેત્રીએ તેના જોડિયા ભાઈઓ લવ અને કુશ વિશે વાત કરી. સોનાક્ષીએ જણાવ્યું કે જ્યારે તે નાની હતી, ત્યારે તેના માતા-પિતા તેને ખૂબ લાડ લડાવતા હતા અને આ કારણે તેના બંને મોટા ભાઈઓ તેની ઈર્ષ્યા કરતા હતા.સોનાક્ષીએ તેના ભાઈ-બહેનો વચ્ચેના ઝઘડાઓ વિશે ખુલ્લેઆમ વાત કરી અને કહ્યું, ‘‘હું સૌથી નાની, ઘરની છોકરી અને સૌથી પ્રિય છું, તેથી મારા ભાઈઓ મારાથી ઈર્ષ્યા કરતા હતા. તેથી મને તેનો સામનો કરવો પડતો હતો.’’ સોનાક્ષીએ કહ્યું કે બધા ભાઈ-બહેનો ઝઘડે છે, અને લવ અને કુશ સાથેનો તેનો ઝઘડો પણ અલગ નહોતો, જોકે, સોનાક્ષીનો તેના ભાઈઓ સાથેનો કથિત અણબનાવ તાજેતરમાં હેડલાઈન્સમાં છે.



અભિનેત્રીએ ઝહીર ઈકબાલ સાથે લગ્ન કર્યા હતા અને તેના ભાઈઓ તેના લગ્નમાં હાજર રહ્યા ન હતા. કુશ થોડા સમારંભોમાં જોવા મળ્યો હતો, પરંતુ લવ લગ્નને સંપૂર્ણપણે ચૂકી ગયો.સોનાક્ષીએ ગયા વર્ષે ૨૩ જૂને ઝહીર ઈકબાલ સાથે લગ્ન કર્યા હતા.તેમણે સિવિલ મેરેજ કર્યા હતા અને તેમના પિતા શત્રુઘ્ન સિંહા અને માતા પૂનમ સિંહા તેમના લગ્નમાં હાજર રહ્યા હતા. સોનાક્ષીનો ભાઈ લવ સિન્હા લગ્નમાં ગેરહાજર હતો.

# ઓડિશામાં નવજાત શિશુને ગરમ સળિયાના ૪૦ ડામ દેવાયા

એજસી દ્વારા

ભુવનેશ્વર

એક નાનું માસૂમ બાળક જે બરાબર રડી પણ શકતું ન હતું, તેની કોમળ ત્વચા પર સળગતા લોખંડ સળિયાના ડામના નિશાન બની ગયા હતા. પીડાથી કણસતા તે બાળકની ચીસો કદાચ હવામાં ગાયબ થઈ ગઈ, કારણ કે તેને બચાવવાને બદલે, તેના પોતાના લોકોએ તેને અંધશ્રદ્ધાની આગમાં ફેંકી દીધો હતો. આ ભયાનક ઘટના ઓડિશાના નબરંગપુર જિલ્લામાં બની હતી, જ્યાં એક મહિનાના બાળકને ગરમ લોખંડથી ૪૦ વાર ડામ આપવામાં આવ્યા હતા. પરિવારે વિચાર્યું કે આનાથી તે સાજો થઈ જશે, પરંતુ વાસ્તવિકતા ઘણી વધારે પીડાદાયક હતી. શું અંધશ્રદ્ધા કોઈ નિર્દોષના દુઃખ કરતાં મોટી હોઈ શકે ? તમે જ જણાવોપ

પ્રાપ્ત માહિતી અનુસાર, ઓડિશાના નબરંગપુર જિલ્લામાં એક દર્દનાક ઘટના સામે આવી છે, જ્યાં એક મહિનાના નવજાત બાળકને ગરમ લોખંડથી ૪૦ વાર ડામ દઈને બાળી નાખવામાં આવ્યું હતું. આ અમાનવીય કૃત્ય એટલા માટે કરવામાં આવ્યું કારણ કે પરિવારના સભ્યો માનતા હતા કે આનાથી બાળક સાજું થઈ જશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે બાળક છેલ્લા ૧૦ દિવસથી ખૂબ જ તાવથી પીડાઈ રહ્યું હતું, પરંતુ પરિવારે ડૉક્ટર પાસે જવાને બદલે અંધશ્રદ્ધા પર આધાર રાખ્યો હતો. જ્યારે બાળકની હાલત બગડવા લાગી, ત્યારે તેને ઉમરકોટ સબ-ડિવિઝનલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેની સારવાર શરૂ કરી હતી.

તબીબી અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટના ઓડિશાના નબરંગપુર જિલ્લામાં ગંભારીગુડા પંચાયતના ચાંદાહાંડી બ્લોકમાં આવેલા ફંડેલપાડા ગામમાં બની હતી.

ડોક્ટરોએ જણાવ્યું કે પરિવારના સભ્યો માનતા હતા કે બાળકને ગરમ લોખંડથી ડામ આપવાથી તેના શરીરમાંથી દુષ્ટ આત્માઓ બહાર નીકળી જશે. આ અંધશ્રદ્ધાને કારણે, નવજાત શિશુને માથા અને પેટ પર ગરમ લોખંડ સળિયાના ડાણ આપીને બાળી નાખવામાં આવ્યું હતું. ડોક્ટરોએ પુષ્ટિ આપી કે બાળક હાલમાં સ્થિર છે, પરંતુ તેને ખૂબ દુખાવો થઈ રહ્યો છે. તેમણે આવી ઘટનાઓને રોકવા માટે જાગૃતિ લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આવી અંધશ્રદ્ધાઓ હજુ પણ દૂરના વિસ્તારોમાં પ્રચલિત છે, જ્યાં લોકો રોગોને દુષ્ટ આત્માઓ અથવા મેલીવિદ્યા સાથે જોડે છે. તબીબી અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ ટૂંક સમયમાં આ વિસ્તારમાં જાગૃતિ અભિયાન શરૂ કરશે, જેથી લોકો રોગની યોગ્ય સારવાર માટે હોસ્પિટલોમાં જાય અને આવા ખતરનાક પગલાંથી દૂર રહે. વહીવટીતંત્રે પણ આ ઘટનાને ગંભીરતાથી લીધી છે અને કહ્યું છે કે આવી પ્રથાઓને રોકવા માટે યોગ્ય પગલાં લેવામાં આવશે.

# લઘુત્તમ તાપમાનમાં ઘટાડો, યુપી-બિહારમાં તાપમાન વધવા લાગ્યું

*એજન્સી દ્વારા*

*નવીદિલ્હી*

*દેશભરમાં હવામાન બદલાઈ રહ્યું છે. દિલ્હીમાં તાપમાન સામાન્ય કરતાં ઓછું નોંધાયું હતું, જ્યારે ઉત્તર પ્રદેશમાં ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. હળવા વરસાદ અને ઠંડા પવનો પછી, બિહારમાં ઉનાળાના સંકેત છે. રાજસ્થાનમાં વરસાદ અને કરા પડ્યા બાદ હવામાન સ્વચ્છ થઈ ગયું છે. કાશ્મીરમાં વરસાદ અને હિમવર્ષા થઈ છે, જ્યારે ઉત્તરાખંડમાં પણ વરસાદની શક્યતા છે. આગામી દિવસોમાં તાપમાનમાં વધઘટ ચાલુ રહેશે.*

*દિલ્હીમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડોઃસોમવારે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૯.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ સામાન્ય કરતાં ૩.૮ ડિગ્રી ઓછું છે.* IMD *અનુસાર, મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રીની આસપાસ રહી શકે છે. ૪ અને ૫ માર્ચે ભારે પવન ફૂંકાશે, જેના કારણે તાપમાનમાં થોડો ઘટાડો થઈ શકે છે. આ પછી તાપમાન ફરી વધવાની ધારણા છે. દિલ્હીનો* **AQI** *૧૨૪ હતો, જે ‘મધ્યમ’ શ્રેણીમાં આવે છે.ગુજરાતમાં ગરમીને બદલે પવન હશે ?:ગુજરાતમાં આગામી દિવસોમાં ગરમીમાંથી રાહત મળી શકે છે.*

*હવામાન વિભાગ અનુસાર, રાજ્યમાં આગામી પાંચ દિવસ દરમિયાન ગરમીથી આંશિક રાહત મળશે. ઉત્તર ભારતમાં હાલમાં ચાલી રહેલી હિમવર્ષા અને બરફવર્ષાને કારણે તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે, જેની અસર ગુજરાતમાં પણ દેખાશે. રાજ્યમાં તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે.યુપીમાં ગરમીએ દસ્તક આપી :ઉત્તર પ્રદેશમાં ઉનાળો દસ્તક આપી ચૂક્યો છે. લોકોએ દિવસે ઊનના કપડાં પહેરવાનું બંધ કરી દીધું છે, પણ રાત્રે ઠંડી રહે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી એક અઠવાડિયા સુધી વરસાદની કોઈ શક્યતા નથી. જોકે, ૫ અને ૬ માર્ચે ૨૦ થી ૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. ૩ અને ૪ માર્ચે હવામાન સ્વચ્છ રહેશે. ૫ માર્ચે પણ હવામાન શુષ્ક રહેશે. લખનૌ હવામાન કેન્દ્રના જણાવ્યા અનુસાર, દિવસ દરમિયાન તેજસ્વી સૂર્યપ્રકાશ અને રાત્રે તાપમાનમાં ઘટાડો થવાનું વલણ આ અઠવાડિયાના ગુરુવાર સુધી ચાલુ રહેશે.બિહારમાં બદલાયેલ હવામાનઃ બિહારમાં ઠંડી લગભગ ગાયબ થઈ ગઈ છે. છેલ્લા કેટલાક દિવસોમાં થયેલા હળવો વરસાદ અને ઠંડા પવનોને કારણે ઠંડીનો અહેસાસ થયો છે. હવામાન વિભાગે માર્ચ મહિનામાં તીવ્ર ગરમી પડવાની આગાહી કરી છે. દક્ષિણ-પશ્ચિમ બિહારના કેટલાક જિલ્લાઓમાં બક્સર, અરવલ, ઔરંગાબાદ અને રોહતાસ સહિત ગરમીનું મોજું ફરી શકે છે. માચર્મા મહત્તમ તાપમાન ૩૦ થી ૩૩ ડિગ્રી સેલ્સિયસ સુધી રહી શકે છે.” સ્ઠ પટના અનુસાર, ૫ માર્ચ સુધી મહત્તમ તાપમાન ૩૦ થી ૩૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૪ થી ૧૬ ડિગ્રીની વચ્ચે રહેશે. ૬ અને ૭ માર્ચે તાપમાનમાં થોડો ઘટાડો થઈ શકે છે. મહત્તમ તાપમાન ૨૮ થી ૩૦ ડિગ્રી વચ્ચે રહી શકે છે.*

*રાજસ્થાનમાં વરસાદની શક્યતાઃરાજસ્થાનમાં હવામાનની પેટર્ન બદલાઈ રહી છે. ક્યારેક તડકો હોય છે તો ક્યારેક વાદળછાયું હોય છે. શિયાળા પછી વરસાદ અને કરા પડ્યા છે. છેલ્લા ચાર દિવસથી આવું જ વાતાવરણ રહ્યું છે. ૨૮ ફેબ્રુઆરી અને ૧ માચર્ના રોજ ઘણા જિલ્લાઓમાં વરસાદ અને કરા પડ્યા હતા. ૨ માચર્ના રોજ દિવસ દરમિયાન હવામાન સ્વચ્છ રહ્યું. હવે ફરી વરસાદની શક્યતા છે.*

*જયપુરના હવામાન કેન્દ્ર અનુસાર, ૪ અને ૫ માર્ચે ઉત્તરીય પવનોને કારણે, રાજસ્થાનના લગભગ તમામ જિલ્લાઓમાં તાપમાન ૨ થી ૪ ડિગ્રી સેલ્સિયસ ઘટી શકે છે. બિકાનેર વિભાગ અને શેખાવતી ક્ષેત્રમાં લઘુત્તમ તાપમાન ૮ થી ૧૦ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૨ થી ૨૪ ડિગ્રી વચ્ચે રહી શકે છે. ૭ માર્ચ પછી, આગામી એક અઠવાડિયા સુધી હવામાન સ્વચ્છ રહેશે અને તાપમાન વધશે.*

*કાશ્મીરમાં વરસાદ અને હિમવર્ષાને કારણે તાપમાનમાં ઘટાડો સોમવારે કાશ્મીરના મોટાભાગના ભાગોમાં વરસાદ પડ્યો હતો, જ્યારે ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફવર્ષા થઈ હતી. જેના કારણે તાપમાનમાં ઘટાડો થયો. વરસાદની ખાધ ૮૦ ટકાથી ઘટીને ૪૦ ટકા થઈ ગઈ છે. દક્ષિણ કાશ્મીરના પહેલગામ અને બારામુલ્લા સહિતના પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ. લદ્દાખના કારગિલ જિલ્લામાં પણ બરફવર્ષા થઈ. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મંગળવારથી હવામાનમાં સુધારો થશે. મંગળવારથી હવામાનમાં સુધારો થવાની ધારણા છે.ઉત્તરાખંડમાં હવામાન કેવું રહેશે?:ઉત્તરાખંડના પર્વતીય જિલ્લાઓમાં હવામાન બદલાઈ શકે છે. હવામાન કેન્દ્રે દહેરાદૂન, ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, ચમોલી, બાગેશ્વર, અલ્મોરા, પિથોરાગઢ અને ટિહરીમાં હળવા વરસાદની આગાહી કરી છે.*

# સરકારના પાપે ચાલતા શાળાએ જવા મજબુર દીકરીઓને તાત્કાલિક સાયકલો આપો : અમિત ચાવડા

ગાંધીનગર

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમીત ચાવડાએ વિધાનસભા ખાતે પ્રેસ મિડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, "સરસ્વતી સાધના યોજના- જેના હેઠળ એસસી- એસટી- ઓબીસી સમાજની દીકરીઓને શાળાએ જવા માટે સાઈકલ સહાય આપવામાં આવે છે, શાળાની શરુઆત જુન મહિનામાં થાય, પ્રવેશોત્સવ યોજાય છે. દીકરીઓને જુન મહિનામાં સાઈકલ મળી જવી જોઈએ જેથી એ પહેલા દિવસથી સાઈકલ લઈને શાળાએ જઈ શકે. પણ સરકાર દીકરીઓને બદલે પોતાની માનીતી એજન્સીઓની ચિંતા કરે છે. સાયકલની ખરીદીનું કૌભાંડ ચાલે છે, થોડા પૈસાની લાલચ માટે સાઈકલ ખરીદીની પ્રક્રિયામાં ભ્રષ્ટાચાર કરવા માટે વિલંબ થઈ રહ્યો છે.

"સરસ્વતી સાધના યોજના"માં ૨૦૨૩-૨૪ માં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિભાગ દ્વારા ૧ લાખ ૭૦ હજાર સાયકલો ખરીદવાનું નક્કી કરવામાં આવ્યું. જેની ખરીદી માટે રાજ્ય સરકારનું સાહસ ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટિંગ કોર્પોરેશન લી. (ગ્રીમ્કો) ને સત્તા આપવામાં આવી. વર્ષોથી ખરીદવામાં આવતી સાયકલ સ્પેશીફીકેશન અને ઉત્તમ કંડીશન છે કે નહિ એ વર્ષોથી એની કમિટી SPC દ્વારા નક્કી કરવામાં આવે છે. પરંતુ પહેલી વખત માનીતી કંપનીઓને ફાયદો કરાવવા માટે સ્પેશીફીકેશન અને કંડીશનમાં ફેરફાર થાય છે, એની સામે વિરોધ અને રજુઆતો થાય છે, વિરોધપક્ષની કચેરીમાંથી પણ એની તપાસ માટે પત્રો લખાય છે. પરંતુ CM ઓફીસના સીધા હસ્તક્ષેપને કારણે ખરીદીના સ્પેશીફીકેશન SPC ને બદલે સીધો વિભાગ નક્કી કરે છે. કેટલીક માનીતી ચોક્કસ કંપનીઓને લાભ થાય અને એના કારણે જે કંપની રાજસ્થાનમાં એક સાયકલ ૩૮૫૭ રૂપિયામાં આપે છે એ જ સાયકલ એ જ કંપની ગુજરાતમાં ૪૪૪૪ રૂપિયામાં સપ્લાય કરે છે. આમ એક સાયકલે ૫૦૦ રૂપિયા વધારે ગુજરાતની પ્રજાના પરસેવાના, ટેક્ષના પૈસા કંપનીને સરકાર દ્વારા ચૂકવાય છે. આમ ૧ લાખ ૭૦,૦૦૦ હજાર સાયકલો એટલે કે "સાડા ૮ કરોડ" રૂપિયા વધારે ચુકવવા પાછળનું કારણ શું છે એનો સરકાર જવાબ આપે.

સાયકલની ખરીદી પ્રક્રિયા મે-૨૦૨૩ માં થવી જોઈએ એને બદલે આખી પ્રક્રિયામાં ૧૦ મહિનાનો વિલંબ થાય છે અને નવા શૈક્ષણિક વર્ષ એપ્રિલ-૨૦૨૪માં વર્કઓડર અપાય છે, ડીલીવરી થાય છે. સાયકલો ગ્રીમ્કોના વેરહાઉસમાં પહોંચે છે, ત્યારબાદ એના સ્પેશીફીકેશન મુજબ ગુણવત્તા, ક્વોલીટી ચકાસવા માટે ઈલેક્ટ્રોનિક ક્વોલીટી ડેવલોપમેન્ટ સેન્ટર (EQDC) જે રાજ્ય સરકારનું છે એના દ્વારા તપાસ થાય છે. અને તે તપાસમાં જે સ્પેશીફીકેશન બીડમાં હતું એ મુજબની ગુણવત્તા જોવા મળી નથી. ISI માર્ક મુજબની જે સ્પેશીફીકેશન હતા એ ગુણવત્તા જોવા મળતી નથી. આ જ કારણે સાયકલો ગ્રીમ્કોના ગોડાઉનમાં પડી રહી છે, અને હજુ સુધી કોઈ દીકરી સુધી સાયકલ પહોંચી નથી.

ગ્રીમ્કો દ્વારા ટેન્ડરની પ્રક્રિયા વખતે વાંધા ઉઠાવવામાં આવ્યા હતા એ મુજબ બીડના જે ભાવ આવ્યા છે એ રાજસ્થાનમાં મળેલ ભાવ કરતા ૫૮૭ રૂપિયા અને પશ્ચિમ બંગાળમાં મળેલ ભાવ કરતા ૪૨૫ રૂપિયા વધુ હોય એ બાબતે એલ્વન કંપની દ્વારા જસ્ટીફીકેશન આપવામાં આવેલ કે યોગ્ય રીતે જણાતું નથી એટલા માટે સદર યોજાયેલ બેઠકમાં બીડ રદ કરવા માટે સરકારની મંજુરી મેળવવા માટેનો પત્ર લખવામાં આવે છે, તેમ છતાં સરકાર બીડ રદ કરતી નથી અને એ જ કંપનીને ઓર્ડર આપવામાં આવે છે. અમારો સ્પષ્ટ આક્ષેપ છે કે ગરીબ દીકરીઓ માટેની યોજનામાં ખરીદાતી સાયકલ એમાં ૧૦ કરોડ જેટલો ભ્રષ્ટાચારમાં CM ઓફિસની સીધી સંડોવણી અને સુચનાથી આ કંપનીને ઓર્ડર અપાયો અને મોટો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે.

ગ્રીમ્કોએ ૧૧ માર્ચ ૨૦૨૪ ના રોજ, આ સાઈકલો માટેનું વર્ષ ૨૦૨૩- ૨૪ નું ટેન્ડર રદ કરવાનો પત્ર લખવામાં આવેલો. ટેન્ડર રદ કરવાની મંજુરી માંગવામાં આવે છે, ત્યારબાદ નવી પ્રોસેસ શરુ કરવા માટેની સરકારને જાણ કરવામાં આવે છે. સરકારને તો એક સાઈકલે ૫૦૦ રૂપિયા વધારે લેતી કંપની જોડે સેટિંગ થઈ ગયેલું. એવી ૧.૭૦ લાખ સાઈકલ લેખે ગણીએ તો ૮.૫ કરોડ રૂપિયાનું કૌભાંડ કરવું હતું એટલે ગ્રીક્રોની ટેન્ડર રદ કરવાની ભલામણ સ્વીકારવામાં ના આવી.

સાઈકલો સરકારને પહોંચાડવામાં આવી અને લેબ દ્વારા ચકાસણી કરવામાં આવે છે ત્યારે રિપોર્ટમાં આવે છે કે સ્પેસિફિકેશન અને સ્ટાન્ડર્ડ હતા તે મુજબની સાઈકલો નથી આપવામાં આવી. એટલે હલકી ગુણવત્તાની, નક્કી થયેલ કરતા અલગ સ્પેસિફિકેશનવાળી સાઈકલ સપ્લાય થવાથી સ્વીકારી ના શકાય. સાઈકલ જિલ્લે જિલ્લે પહોંચી ગયેલી, એટલે લાંબા સમય સુધી એ સાઈકલો પડી રહી. વરસાદમાં પલળતી રહી- કાટ ખાઈ ગઈ- ભંગાર થઈ ગઈ. વારંવાર તપાસની માંગણી કરી, પત્રો લખ્યા. મંત્રી ઋષિકેશ પટેલે તેની તપાસની કરવાની જાહેરાત ગયા વર્ષે જુલાઈમાં કરેલી પણ આજે વિધાનસભામાં આ અંગે પૂછ્યું, તપાસનો રિપોર્ટ માંગ્યો, પણ સરકાર તેના માટે તૈયાર નથી. સરકાર કૌભાંડીઓને છાવરવા માટે વિધાનસભામાં ઉડાઉ જવાબો આપી રહી છે. ૨૦૨૩-૨૪ નું વર્ષ તો પૂરું થયું અને ૨૦૨૪-૨૫ નું વર્ષ પૂરું થવામાં છે. બે વર્ષ થવા છતાં દીકરીઓને સાઈકલ આપવામાં ના આવી. આ સમગ્ર ખરીદીની પ્રક્રિયામાં કોની સુચનાથી, કોના લાભાર્થે ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે એની તપાસ થાય તેવી માંગણી કરીએ છીએ.

## નવસારી જિલ્લામાં આત્મનિર્ભરતાનું ઉદાહરણ શ્રી સહજાનંદ સ્વામી સખીમંડળની બહેનો

નવસારી : નવસારીમાં આત્મનિર્ભરતાનું ઉદાહરણ શ્રી સહજાનંદ સ્વામી સખીમંડળની બહેનો - 'હું ગર્વપૂર્વક કહું છું કે હું લખપતિ દીદી છું ઉદ્યોગ સાહસિકતા અને સખી મંડળએ મને આગળ લાવી દીધી છે.'- સહજાનંદ સ્વામી સખીમંડળના પ્રમુખ જયાબેન પટેલ - પાપડ-પાપડી, ઓર્ગેનિક સાબુ-શેમ્પૂ, સાબુદાણા બટાકાની વેફર, મુખવાસ, નાગલીના પાપડ,કપડા ધોવાનો પાવડર બનાવી વાર્ષિક રૂપિયા બે લાખની કમાણી આગામી દિવસોમાં ૮મી માર્ચનો ભવ્ય કાર્યક્રમ નવસારી જિલ્લામાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાનાર છે. આ કાર્યક્રમ અંતર્ગત જલાલપોર તાલુકાના વાંસી બોરસી ખાતે લખપતિ દીદી સન્માન સમારોહમાં અંદાજિત ૧ લાખથી વધારે મહિલાઓ ભાગ લેનાર છે. ત્યારે વાત કરીએ નવસારી જિલ્લાની લખપતિ દીદી ઓની જે પોતાના નાનકડા ગૃહઉદ્યોગથી સમગ્ર નવસારી જિલ્લાની બહેનો માટે પ્રેરણારૂપ બની છે. ગણદેવી તાલુકાના ઈચ્છાપોર ગામે ૧૦ બહેનો ૨૦૧૪માં સખી મંડળમાં જોડાયા હતા. સહજાનંદ સ્વામી સખીમંડળ નામથી સખીમંડળ બનાવ્યું. સખી મંડળમા જોડાવાથી તેમણે ગૃહ ઉદ્યોગની વિવિધ તાલીમો જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળ કાર્યરત મિશન મંગલમ યોજના અંતર્ગત તાલીમો મેળવી હતી. તમામ બહેનો મળીને પાપડ-પાપડી,ઓર્ગેનિક સાબુ-શેમ્પૂ, ખેતી, વર્મિકમ્પોસ્ટ, સાબુ દાણા બટાકાની વેફર, નાગલીના પાપડ,નાવાના સાબુ, શેમ્પૂ,કપડા ધોવાનો પાવડર બનાવી વેચાણ કરે છે. આ ઉપરાંત હેન્ડમેડ પ્રોડક્ટસને વિવિધ જિલ્લાઓમાં સરસ મેળા થકી સ્ટોલ રાખી વેચાણ કરે છે જેના કારણે સારી આવક મેળવતા થયા છે. સહજાનંદ સ્વામી સખીમંડળના પ્રમુખ જયાબેન અમ્રતભાઈ પટેલ આ અંગે પોતાના અનુભવો જણાવતા કહ્યું હતું કે, અમે પાપડ, પાપડી, સાબુ દાણા બટાકાની વેફર, નાગલીના પાપડ,નાવાના સાબુ, શેમ્પૂ,કપડા ધોવાનો પાવડર વગેરે ઘરેજ બનાવીએ છે.


### FORM IV

Statement about ownership and other particulars about newspaper (**NEWS CLICK**) to be published in the first issue every year after the March

1. Place of publication : **"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH.**
2. Periodicity of its publication : Weekly
3. Printer's Name : **Dharti Printers**
   Nationality : INDIAN
   Address : **C/3, Shankar Chambers Near. H. K. House, Opp. Bata Showroom, Ashram Road, Navrangpura, Ahmedabad-380 009**
4. Publisher's Name : **HEMANSHU HARISHBHAI PATIL**
   Nationality : INDIAN
   Address : **"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH.**
5. Editor's Name : **HEMANSHU HARISHBHAI PATIL**
   Nationality : INDIAN
   Address : **"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH.**
6. Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding More than one per cent of the total capital.

**PIYUSHKUMAR NATWARLAL BAGTHARIA**, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**Date : 06 March. 2025**

**HEMANSHU HARISHBHAI PATIL**
**Signature of Publisher**


**Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL**